# ભાવનગર મહાનગરપાલિકા

## ટેકસ કલેકશન વિભાગ

## જાહેરાત

ભાવનગરશહેરના તમામ કોમર્શીયલ મિલકત ધારકો,તમામ સોલીસીટરો, નોટરી પબ્લીક સહિત કાયદાવ્યવસાયીઓ,તબીબી સલાહકારો, આર્કિટેકટો, એન્જિનિયરો, કન્સલ્ટન્ટો,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, ઈન્સ્યોરન્સ એજન્ટો, કમિશન એજન્ટો, દલાલો, બ્રોકરો, સર્વેયરો, કોન્ટ્રાકટરો, ટૂરઓપરેટર્સ, ટ્રાવેલ એજન્ટો, કેબલ ઓપરેટર્સ,ફિલ્મ વિતરકો, શેર બ્રોકરો, વિજ્ઞાપન એજન્સી, ટ્યુશન કલાસીસ અથવા ટ્યુટોરીયલ ઈન્સ્ટીટ્યુશન્સ, ડ્રાઈવિંગ સ્કૂલો, મેરેજ હોલ, પાર્ટી પ્લોટસ, આંગડિયા અથવા કુરિયર સેવા પૂરી પાડનારા, હેલ્થ કલબો, મનોરંજન કલબો, ઓઈલ પમ્પો, સર્વિસ સ્ટેશનો,, નિવાસી હોટલો, થિયેટરો, ટ્રાન્સપોર્ટસ, વિડિયો પાર્લર્સ, લાયબ્રેરીના માલિકો, નાણાં ધીરધાર કરનારાઓ, વ્યવસાય ધંધામાં રોકાયેલ સહકારી મંડળીઓ,પબ્લીક લિમિટેડ અથવા પ્રાઈવેટ લિમિટેડ કંપનીંઓ, ફેકટરીના માલિકો, ભાગીદારી પેઢીઓ વગેરે તેમજ નાણાં વિભાગના તા.૦૧-૦૪-૨૦૦૮ના જાહેરનામામાં દર્શાવેલ તમામ વ્યવસાયકર્તાઓને જણાવવાનું કે, ભાવનગર મહાનગરપાલિકાનાં ટેક્ષ કલેકશન વિભાગ ધ્વારા શહેરના કુલ ૧૭ વોર્ડમાંસ્થળ ઉપરજ વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન માટેની કામગીરી આગામી દિવસોમાં હાથ ધરવામાં આવનાર છે. જે માટે અત્રેના વિભાગના કર્મચારીઓ ધ્વારા જે –તેવોર્ડમાં પેમ્પલેટ વહેંચણી કર્યાના બે દિવસ બાદ તમામ વ્યવસાયકર્તાઓને તેમના જરૂરી ડોકયુમેન્ટ સાથે રાખવા અને રજીસ્ટ્રેશન માટે જરૂરી સાથ સહકાર આપવા જણાવવામાં આવે છે.તેમજ જે મિલકતો માલિકોએ અંન્યને મિલકત ભાડે આપી હોય તેવા કિસ્સામાં ડોકયુમેન્ટ તરીકે ભાડાકરાર ફરજીયાત સામેલ રાખી ભાડુઆતોને વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન કરાવી લેવા માટે તાકીદ કરવા અનુરોધ કરવામાં આવે છે.રજીસ્ટ્રેશન બાદ આપનું વ્યવસાય વેરા બિલ સ્થળ ઉપર બજાવવામાં આવશે,જે મળ્યેથી દીન-૧૫માં બિલ ભરપાઈ કરવાનું રહેશે. જેની લગત તમામ વ્યવસાયકર્તાઓએ તથા નગરજનોએ નોંધ લેવી.

ટેક્ષ કલેકશન સુપ્રિટેન્ડન્ટ
ટેક્ષ કલેકશન વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર

ભાવનગર
તા.૦૬/૧૨/૨૦૨૪

# ભાવનગર મહાનગરપાલિકા – ભાવનગર

રૂમ નં-૧૧૩, પહેલોમાળ ટેક્ષ કલેકશન વિભાગ, સર મંગળસિંહજી રોડ,
કાળાનાળાની બાજૂમાં, ભાવનગર-૩૬૪૦૦૧.
taxdept.bmcbmc@gmail.com


ટેક્ષ કલેકશન જા. નં. ૬૩૫૮
તા. 27/11/24

:- : અખબારી યાદી : :-

આથી ભાવનગર શહેર વિસ્તારમાં આવેલ તમામ દુકાનો અને સંસ્થાઓના માલિકો/વહીવટકર્તાઓને જાણ કરવામાં આવે છે કે, ધી ગુજરાત શોપ્સ અને એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ-૧૯૪૮ રદ થયેલ હોય આ અધિનિયમ હેઠળ ભાવનગર મહાનગરપાલિકા ખાતે નોંધાયેલ તમામ પ્રમાણપત્રો રદ થયેલ છે.

હાલમાં ગુજરાત શોપ્સ અને એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ-૨૦૧૯ અમલમાં છે. આ નવા અધિનિયમની જોગવાઈઓ મુજબ ૧૦ થી ઓછા કામદારોને નોકરીએ રાખનાર દુકાનો અને સંસ્થાના માલિકોએ તેઓની દુકાન/સંસ્થાની ઈન્ટીમેશન(જાણ) કરી રીસીપ્ટ મેળવી લેવી તેમજ ૧૦ કે તેથી વધુ કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓ તેમજ હોટલ રેસ્ટોરન્ટ , થીયેટર સિનેમાના માલિકોએ તેઓની દુકાન/સંસ્થાનીનિયત ફી ભરી નોંધણી પ્રમાણપત્ર મેળવી લેવું ફરજીયાત છે.

આથી ભાવનગર શહેર વિસ્તારમાં આવેલ દુકાનો અને સંસ્થાઓના માલિકો કે જેમણે શોપ્સ & એસ્ટા. એક્ટ-૨૦૧૯ હેઠળ તેઓની દુકાન/સંસ્થા તેમજ હોટલ રેસ્ટોરન્ટ , થીયેટર સિનેમાના માલિકે ઈન્ટીમેશન(જાણ) રીસીપ્ટ કે નોધણી પ્રમાણપત્ર હજુ સુધી મેળવેલ ન હોય તેઓએ www.enagar.gujarat.gov.in (ઈ-નગર) વેબપોર્ટલ પર ઓનલાઈન અરજી કરી નોંધણી પ્રમાણપત્ર / ઈન્ટીમેશન રીસીપ્ટ મેળવી લેવા મહાનગરપાલિકા દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવે છે.

" નોંધ પર મજબ માન. ડમ્યુ. શ્રી ની મંજૂરી O/C અનુસાર"

ટેક્સ કલેકશન સુપ્રિટેન્ડન્ટ 27/11/24
ટેક્સ કલેકશન વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર
27/11/2024

---

પ્રતિ,
તંત્રીશ્રી,

..................................................

ઉપરોક્ત પ્રેસનોટ આપના સુપ્રસિધ્ધ અખબારમાં લોકહિતાર્થે વિનામુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

પબ્લીક રીલેશન ઓફિસર
પી.આર.ઓ શ્રીની કચેરી
મહાનગરપાલિકા ભાવનગર

તા૨૯/૦૫/૨૦૨૪

# પ્રેસ નોટ

ભાવનગર મહાનગરપાલિકા શોપ & એસ્ટા બ્લીશમેન્ટ ૨૦૧૯ એક્ટ હેઠળ લાયસન્સ રજીસ્ટ્રેશન અન્વયે દુકાનો, વ્યાપારી સંસ્થાઓ, રેસ્ટોરન્ટ ધરાવતા વેપારીઓને શોપ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવે છે.

જે અંતર્ગત મહાનગરપાલિકા ભાવનગર વિસ્તારમાં સર્વે સરકારી કાર્યાલયો,પરીસરો અને સાર્વજનીક સ્થળોએ ખાનગી માલિકીના સાર્વજનીક સ્થળોએ જેમ કે, સિનેમા ગૃહ, નાટ્યગૃહ, બેંક્વેટ હોલ, શાળા કોલેજો, સુપર માર્કેટ શોપીંગ મોલ, હોસ્પિટલ વાતાનુકલીત વ્યવસ્થા ધરાવતી હોટેલ, રેસ્ટોરન્ટ અને કેફે, બેંક વાચનાલય, બગિચાઓ, તમામ પ્રકારની દુકાનો વગેરે જગ્યાઓ પર બોર્ડ પરના નામ, સુચના માહિતી દિશા નિર્દેશ લખેલા હોય તે સર્વે લખાણોમાં અંગ્રેજી/હિન્દી ભાષા સાથે ગુજરાતી ભાષાનો પણ ફરજીયાત ઉપયોગ કરવાનો રહેશે. જેની મહાનગરપાલિકા ભાવનગર દ્વારા અપીલ કરવામાં આવે છે.

ટેક્ષ ક્લેકશન સુપ્રિન્ટેન્ડન્ટ
ટેક્ષ ક્લેકશન વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર

---

પ્રતિ
માન.તંત્રી મહોદયશ્રી,

---

---

સવિનય ઉપરોક્ત પ્રેસનોટ આપના બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિક વર્તમાનપત્રમાં લોક હિતાર્થે વિનામૂલ્યે પ્રસિધ્ધ કરવા નમ્ર વિનંતી છે.

જન સંપર્ક અધિકારી
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર.